SC/38/2009 ORDER

**<u>સેશન્સ કેસ નં.૩૮/૨૦૦૯ વિગેરે</u>**

**<u>::– આંક–૩૦૪ હેઠળનો હુકમ –::</u>**

**(૧) અરજદારની અરજી તથા આંક–૩૨૬ વાળો અમદાવાદ મધ્યસ્થ જેલના નાયબ અધિક્ષકશ્રીનો આ અરજીનો જવાબ વંચાણે લિધો.**

**(૨) હાલની અરજી આરોપી મોહંમદઅલી તે મોહરમઅલીના પુત્રનાઓએ કરી એવી રજુઆત કરેલી છે કે તેઓ આ કામે ન્યાયીક હવાલાતમાં છે ત્યારે તેમના ધરેથી મુલાકત માટે આવેલ વ્યકિતઓ દ્રારા લાવવામાં આવેલ ચાર્જશીટના કાગળો કે જે ભોપાલ (એમ.પી.) કોર્ટના હતા તે તેઓને લેવા દેવામાં આવેલા નથી, જેથી જેલ સત્તાવાળાઓને તે અંગે જરુરી હુકમ કરવાની જરુરીયાત છે.**

**(૩) જેલ સત્તાધીશો દ્રારા આંક–૩૨૬ નો આ અરજીનો જવાબ આપતો ખુલાસો કરી એવી રજુઆત કરેલી છે કે જેલના નિયમો અનુસાર જેલ મુલાકાત દરમ્યાન કોઈ પણ વસ્તુ લઈ શકાતી નથી અને જો કોઈ કાયદાકીય પ્રક્રિયા અંગેના કાગળો હોઈ તો તે પ્રથમ વહીવટી કચેરીએ રજુ કરાતાં, તે સેન્સર કર્યા બાદ આરોપીને આપવામાં આવે છે.**

**(૪) અરજદારની અરજી વંચાણે લેતાં એવી હકીકત સ્પષ્ટ થાય છે કે જેલના નિયમો અનુસારની પ્રક્રિયા જેલ સત્તાવાળાઓએ આચરેલી છે જેથી આરોપીએ તેમના સગા પાસેથી સીધા જ કેસના કાગળો લેવાનો પ્રયત્ન**

કરેલો છે, તે જેલ સત્તાવાળાઓએ લેવા દીધેલા નથી અને તેથી નારાજ થઈ અરજદારે હાલની આ અરજી કરેલી છે. આ અદાલતનાં મતે જેલ સત્તાવાળાઓએ કરેલ નિયમાનુસાર નાં વર્તન વિરુધ્ધની ફરીયાદને અનુમોદન ન આપી શકાય.

(૫) વધુમાં અરજદારની હાલની અરજી તા.૨૧–૧૨–૨૦૧૧ ના રોજની છે અને ત્યાર પછી અરજદારે અન્ય કોઈ અરજી કરી નથી. જે સંજોગોમાં એવું પણ માનવાને કારણ છે કે હવે અરજદારને કાયદાકીય રીતે સદરહું ચાર્જશીટના કાગળો મળી ગયેલા છે, જે પણ ધ્યાને રાખવા સરખો મુદ્દો જણાઈ આવે છે.

(૬) આ અદાલતના વિનમ્ર મંતવ્ય અનુસાર જેલ સત્તાધીશોને નિયમોથી વિરુધ્ધ કાર્ય કરવા અંગે કોઈ હુકમ કે સુચના આપી શકાતા નથી અને તે આપવાનું ન્યાયોચિત અને યોગ્ય પણ નથી. જે તમામ હકીકતોની નોંધ કરતાં અરજદારની હાલની અરજીમાં કોઈ તથ્ય જણાઈ આવતું ન હોઈ, તે નામંજુર કરવા સરખી હોવાનું ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

અરજદારની હાલની અરજી નામંજુર કરી તે રીતે ફેંસલ કરી.

આ હુકમ આજ રોજ તા.૨ જી માહે– મે, સને–૨૦૧૨ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

અમદાવાદ<br>
તા.૨–૫–૨૦૧૨

(ડો.શ્રીમતી જયોત્સના યાજ્ઞિક)<br>
વિશેષ ન્યાયાધીશ,<br>
ડેઝીગ્નેટેડ કોર્ટ ફોર સીરીયલ બોમ્બ<br>
બ્લાસ્ટ કેસીસ,<br>
કેમ્પ–અમદાવાદ